**એલ.એ.આર.નં. ૫/૧૪**

**એલ.એ.કયુ./ડીએફસીસી/રે.એ.એ.૨૦૦૮/ક/૨૦-એચ/વાંસજડા(ઢે)/વશી.૧૭૦/૧૪**
**--------------------------------------------------------------------------------------**

**આંક-૧ લગત હુકમ:-**

સદર એલ.એ.આર.કેસનું રેકર્ડ જોતાં લેન્ડ એકવીઝીશન એકટ-૧૮૯૪ ની કલમ-૧૧ મુજબનો એવોર્ડ તા. ૭/૧૧/૧૪ ના રોજ થયેલો છે. સદર કામે ધ રાઈટ ટુ ફેર કોમ્પેનસેશન એન્ડ ટ્રાન્સફરન્સી ઈન લેન્ડ એકવીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એકટ-૨૦૧૩ અમલમાં આવ્યા પછી તા. ૧/૧/૧૪ પછી થયેલા લેન્ડ એકવીઝીશન અંગેના એવોર્ડ ચલાવવાની સત્તા સીવીલ અદાલતોને રહેતી નથી તેવી તે એકટમાં જોગવાઈ થયેલી છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના આઉટ વર્ડ નં.ડી/૨૯૧૪/૧૮, તા. ૧૯/૭/૧૮ અને તા. ૨૦/૭/૧૮ ના પત્રથી તા.૧/૧/૧૪ પછી થયેલાં એવોર્ડ અંગેના એલ.એ.આર.કેસો જે સત્તા મંડળે સીવીલ કોર્ટમાં મોકલ ેલા હોય તે સક્ષમ સત્તા મંડળને નવા કાયદા મુજબ આગળની કાર્યવાહી થવા પરત મોકલી આપવા જણાવવામાં આવેલ છે જે સંજોગોમાં હાલનો એલ.એ.આર.કેસ ચલાવવાની સત્તા અત્રેની સીવીલ અદાલતને રહેતી નહી હોવાથી સદર એલ.એ.આર.કેસ જે તે સક્ષમ સત્તા મંડળને પરત કરવાનો હુકમ કરવામા આવે છે અને એ રીતે હાલનો એલ.એ.આર. કેસ ફેસલ કરવામા આવે છે.

અત્રેની કોર્ટની રજીસ્ટ્રીએ સદર એલ.એ.આર.કેસની રેફરન્સ અરજી, એવોર્ડની નકલ તથા વકીલપત્ર તથા રેફરન્સ સાથે રજુ થયેલા કાગળો હોય તેની એક નકલ રાખી સદર રેફરન્સ તથા એવોર્ડની નકલ તથા વકીલપત્ર તથા રેફરન્સ સાથે રજુ થયેલા કાગળો હોય તે સક્ષમ સત્તા મંડળને પરત મોકલી આપવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૨૯ માહે નવેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા. ૨૯/૧૧/૧૮
કલોલ.

(કુ.ડી.એસ.ઠાકર)
જી.જે.૦૦૯૪૩
એડીશનલ સીનીયર સીવીલ જજ
કલોલ.